RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-03
March-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# ઉમાશંકરજોશીની એકાંકીકલા

ડૉ. પંકજ આર.પટેલ

*આસી. પ્રોફેસર, ગુજરાતી, આર્ટસ કોલેજ, ભીલડી.*

**પ્રાસ્તાવિક:-**

સાહિત્યનાં એકાધિક સ્વરૂપોમાં સફળ કલમયાત્રા કરનાર સમર્થ સર્જક ઉમાશંકર જોશી પાસેથી 'સાપના ભારા' અને 'શહીદ' જેવા એકાંકી સંગ્રહોમાં સમાવિષ્ટ બાવીસ ઉપરાંત 'હવેલી' અને 'હળવા કર્મનો હું નરસૈયો' એમ ચોવીસ એકાંકીઓ સાંપડે છે. આ  સર્જકે પોતે જ કબૂલ્યું છે કે સાધારણ ગુજરાતી યુવાનને હોઇ શકે તેનાથી વધારે રંગભૂમિનો એમને અનુભવ હતો નહિ, છતાં નાટકની ક્રિયા જાણે નજર સમક્ષ બનતી હોય એમ સતત કલ્પતાં રહીને એકાંકીઓને શબ્દબદ્ધ કર્યાં છે. પરન્તુ આ સર્જકે તેમના એકાંકીસર્જનો પૂર્વે ઇબ્સન, મેટરલિંક, યુજેન ઓનીલ, આર્થરમીલર અને ટેનીસી વિલિયમ્સ જેવા યુરોપીય નાટયકારોની રચનાઓનાં તેના નાટયબંધ અને સર્જકલીલાની દ્રષ્ટિએ ઊંડો અભ્યાસ અને પરીશીલન કરેલું, તેથી જ તેમના ચિત્તમાં એકાંકીના રચનાબંધનો ખ્યાલ બંધાયો હશે કે દૃઢ થયો હશે એવું સ્પષ્ટ અનુમાની શકાય.

જો કે ઉમાશંકર જોશી પહેલાં બટુભાઇ ઉમરવાડિયા, શ્રીધરાણી તેમ જ યશવંત પંડયા જેવા એકાંકીકારોનાં એકાંકીસર્જનો મળવા માંડયાં હતાં પરન્તુ નૂતન-પ્રયોગશીલ વિષયવસ્તુ, પાત્રનિરૂપણ, રચનારીતિ અને સબળસંવાદ ભાષાને લીધે ઉમાશંકર જોશીનાં એકાંકીસર્જનો તેમના પુરોગામી એકાંકીકારોથી ધ્યાનાકર્ષક બની રહે છે.

**ઉમાશંકરજોશીની એકાંકીકલા**

ઉમાશંકર જોશીનાં એકાંકીઓમાં ગ્રામ્ય-શહેરી, સામાજિક, રાજકીય, બુદ્ધિચાતુર્ય કે મનોવિશ્લેષ્ણાત્મક – આમ ખાસ્સું વસ્તુવૈવિધ્ય છે. અહીં ગામડું કશાય આદર્શના રંગરોગાન વિના, વાસ્તવલક્ષી ઢબે નિરૂપાયું છે. આ સર્જક તેમણે જે જોયું – જાણ્યું માણ્યું અને જે અનુભવ સત્ય કે રહસ્ય પામ્યા તેને જ શબ્દબદ્ધ કરવા ઉદ્યુકત બને છે. તેથી જ તેમની કેટલીયે રચનાઓ સાંપ્રતની પ્રસ્તુતિ સાધતી હોય તેવી લાગે છે. તેમના બધાંય એકાંકીઓમાં ગ્રામલક્ષી વિષયવસ્તુ સાધતી રચનાઓ વિશેષ છે. આવી રચનાઓમાં વિવિધ જીવન પ્રશ્નોને વાચા અપાઇ હોઇ વિપુલ વસ્તુ નાવીન્યનો અનુભવ થાય છે. 'સાપનાભારા', ' ઉડણ-ચરકલડી', 'ખેતરને ખોળે' અને 'શલ્યા' માં નારીજીવનની વિષમતા, દુર્દશાનું માર્મિક અને કારુણ્યગર્ભ ચિત્ર સાંપડે છે.

'સાપના ભારા' માં કુરિવાજો, કુલપ્રતિષ્ઠાના રૂઢિચુસ્ત ખ્યાલોમાં રાચતા ગ્રામસમાજને અનુષંગે સગર્ભા બાળ વિધવા મેનાની અસહાય-કફોડી સ્થિતિનું વિષયવસ્તુ કરુણગર્ભ રૂપે મૂર્ત થયું છે. 'ખેતરને ખોળે' માં સાટાપાટા, લગ્નમાં નાણાવ્યવહાર, સંબંધીઓમાં વટ-વેર અને દ્વેષને લીધે દોઝખયુક્ત જીવનથી મુક્તિ ઇચ્છતી સ્ત્રીનો તરફડાટ અંતે ભાઇની સમજદારીની લીધે સુખમાં પરિણમે છે. તો 'ઉડણચરલડી' અને 'શલ્યા' પૈકી 'ઉડણચરકલડી' માં ઘરવડીલોના ઉચ્ચકુળ, ધનિક મુરતિયાની ખોજ કે સાટાપાટા – જેવાં સામાજિક દૂષણો વચ્ચે ચંદણી જેવી સોળ-સત્તર વર્ષીય કોડભરી યુવતીના જીવનમાં વ્યાપતા વિષર્યાસનું કરુણ ગાન ઘૂંટાતું પમાય તો 'શલ્યા' માં પુરુષપ્રધાન માનસમાં રાચતો ગ્રામસમાજ દીકરીના જન્મને, તેના અવતરણથીજ 'શલ્યા' રૂપે જુએ છે – એવું વિષયવસ્તુ નિરૂપાયું છે. આ વિષયો આજે ય સાંપ્રત નથી લાગતા ? શા માટે મેનાઓનાં જ અપહરણો થાય છે ? સ્ત્રી અને પુરુષમાં – સ્ત્રીઓની જ વધુ શા માટે આત્મહત્યાઓ થાય છે ? વખ કોણ ઘોળે છે ? સ્ત્રીભ્રૂણ હત્યાઓ શા માટે ? આ બધા સવાલોના જવાબ શોધતાં અવશ્ય પ્રતીતિ થશે કે સમાજની માનસિકતા...

'કડલાં', 'બારણે ટકોરા' અને 'ઢેઢના ઢેડ ભંગી' જેવી રચનાઓ પણ અનુક્રમે ગ્રામ ગરીબવર્ગના આબરું-પ્રતિષ્ઠાના ખ્યાલને પડછે શોષિતવર્ગની શોષણખોરી, આતિથ્યભાવનાને પડે છે લોકોની બેવકુફી ને સ્વાર્થાન્ધતા તથા ગ્રામ સમાજના અત્યંત નીચલા થરના માનવીને વેઠવા પડતા અન્યાય કે અત્યાચારોનું વરવું સત્ય નિરૂપાયું છે.

તો 'પડઘા' અને 'દુર્ગા' માં મૂળ ગામડાંનાં પરન્તુ શહેરીજીવનની વિટંબણાઓને આલેખતાં એકાંકીઓ છે. 'પડઘા' માં મુંબઇની કોઇ ચાલીમાં રહેતાં મધ્યવર્ગનાં માવતર તેમનાં છોકરાંને ફોસલાવી – ધમકાવીને નાટક જોવા જાય છે. ત્યારે હતપ્રભ થયેલાં છોકરાં એ દુઃખને ભૂલવા દેશ-દેશનું નાટક રમીને ગ્રામ-શહેરી માણસોના મનોભાવો પ્રગટ કરે છે. અહીં વડીલોની રહેણી-કહેણીના પડઘા ઝીલતા બાળકોની રમતમાં 'આંતરનાટક' જેવી પ્રયુક્તિ દ્વારા ગ્રામ-શહેરી મનોવૃત્તિઓ કળાત્મક રૂપે પ્રગટી છે. 'દુર્ગા' માં સ્વેચ્છાએ આદર્શવાદી પતિને

RRIJM 2015, All Rights Reserved

પામી, તેના પગલે પગલે ચાલનારી દુર્ગાની સંતાનભૂખ પ્રબળ બને છે. માતૃત્વની ઇચ્છા જ તેને ચલિત થવા પ્રેરે પરન્તુ નાટયાન્તે પતિનું નવજાત બાળક સાથેના આગને તે મનોમન અપરાધ-ભોંઠપને પ્રાયશ્ચિતના ભાવો અનુભવતાં પતિના પગમાં ઢગલો થઇ જાય, તેમાં સર્જકના ગાંધીરંગ્યા આદર્શભાવનું વિષયવસ્તુ પમાય છે.

મને 'વિરાટવસ્તુ' નું વિષયવસ્તુ સૌથી વધુ નાવીન્યપૂર્ણ અને પ્રયોગશીલ લાગ્યું છે. અહીં 'સાપના ભારા' નાં સૂચિત અને ગૌણ પાત્રો મુખ્ય પાત્રો રૂપે યોજીને કમઠાણ રચાયું છે. એકાંકીમાં ગ્રામ સુધારણાની ભેખ લઇને ગામડાંના લોકોને સલાહ-શીખ આપતા ભણેશરીને સફળ થતો જોઇ શહેરી મિત્ર શિવલાલ પ્રભાવિત થઇ જાય છે. પરન્તું રોટલો માગવા નીકળેલાં ભંગી બાળકોને ભણેશરી ઘરમા બેસાડી જમાડે છે ત્યારે ઉચ્ચવર્ગનાં પાત્રો તો ઠીક પરન્તું રૂષા ખાંટ, લાલો ભંગી જેવા પાત્રોય ભણેશરીની વિરૂદ્ધ વર્તે છે. સાહિત્યસેવા હો કે લોકસેવા એ તો કર્તાના ભ્રમ માત્ર છે. તેને લોકો સ્વીકારે કે નાય સ્વીકારે ! એવો અર્થબોધ કૃતિને નવું જ પરિમાણ બક્ષે છે. ઉપરાંત 'નટીશૂન્યમ', 'માણેકચોક', 'મુક્તિપ્રભાવ', 'હળવાકર્નો નરસૈયો', 'લતા મંડપ', 'જીવનદાતા', 'હવેલી' જેવી રચનાઓમાં પણ વિષયવસ્તુનું ખાસ્સું વૈવિધ્ય છે. પરન્તું ક્યાંક બિનજરૂરી પ્રસ્તાર કે શિથિલ વસ્તુસકલાનાને લીધે ઓછી ધ્યાનકર્ષક રચનાઓ છે.

નાટયવસ્તુનું સચોટ નિરૂપણ કરવાનો રચનાકસબ ઊમશંકર જોશીને સહજ હસ્તગત હોય તેવું 'સાપના ભારા', 'ઉડણચરકલડી' અને 'બારણે ટકોરા' જેવાં એકાંકીઓનું વસ્તુગુંફન જોતાં અચૂક થઇ આવે આ રચનાઓમં જિજ્ઞાસાપ્રેરક આકર્ષક પ્રારંભ, ક્રમિક વસ્તુવિકાસ દ્વારા સધાતી પરાકાષ્ઠા, ક્યાંક પાત્રો અને વાતાવરણ, ક્યાંક બાહ્ય કે પાત્રનો મનોસંઘર્ષ, સચોટ-સ્વાભાવિક માર્મિક સંવાદો અને નાટયાન્તે પાત્રને મિષે પમાતી મનુષ્યજીવનની કરુણતા જેવો રચનાબંધ પમાય છે. પ્રસ્તાવના ભયે માત્ર 'સાપના ભારા' નો રચના પ્રપંચ જોઇએ.

પ્રારંભ લગ્નસુખ વંચિતા લીલી અને અંબાના સંવાદોથી થાય છે. જેમાં લગ્નસંસ્થાની જડતાઓ, મિથ્યા પ્રતિષ્ઠામાં રાચતાં મા-બાપ, કુરિવાજોમાં પીસાતી-પીડાતી યુવતીઓની દશાની હૃદયંગમ છણાવટ સાથે ત્વરિત ગતિએ વિધવા મેનાની અસહાય દશાની વસ્તુસ્થિતિ સૂચવાય છે. જે મામા દોલતરામના આગમને વધુ સ્પષ્ટ થાય છે. તેને વરહુપ નથી પણ.... દોલો છંછેડાય છે ત્યારે તેના સંવાદોમાં તેનું આંતરસ્વરૂપ અનાવૃત્ત થઇ જાય છે. સગી બહેનનેય અપમાન.... તિરસ્કાર.... પછી દીકરીનું કાસળ કાઢી નાખવાની સલાહ..... અને દોલતરામ ગયા પછી પરિસ્થિતિનો લાગ સાધી લેતી ધનબાઇ સાંજની યોજના મુજબ શીરાના કોળિયામાં કાચ ભેળવીને ખવડાવી દેવાની વાત કરે છે. દોલતરામની ધમકીભરી સલાહ એ અંબા માટે આલંબન તો ધનબાઇના સંવાદો ઉદ્દીપનરૂપ છે. જે ધનબાઇના દૌર્જન્યપૂર્ણ સ્વભાવ, કડવાશને સચોટ રૂપે પ્રગટાવે છે. છેવટે નિરૂપાય અંબા મેનાને શીરો ખવડાવે. પાપના ભાગીજદારનું નામ જાલી લે અને બારમું બંધ કરીને ડરામણા-બિહામણા રૂપે પડસાળમાં આવતાં પડતાં પડતાં માંડ બચે છે ત્યારે ધનબાઇ પૂછે છે.

"કોઇનું નામ લીધું ?
અંબાઃ (ડૂસકાં લેતાં) પીટયો....
ધનબાઇઃ (ઉતાવળી) કોણ ? કોણ ?
અંબાઃ રાખશસ ! નંદરામવેવાઇ (ધ્રુસકે ધ્રુસકે રડે છે)
તો ધનબાઇનો છેલ્લો ઉદ્દગાર જુઓઃ
મારી શોક્ય ! રાંડ લુચ્ચી !"

- મેનાએ મરતી વખતે નામ કહ્યું છે. ધનબાઇએ પામી ગઇ છે કે પોતાનો પતિ હવે 'ભોળો ભેમણ નથી રહ્યો' તોય પતિને ભાંડવાને બદલે 'મારી શોક્ય !' કહીને મેના પર તિરસ્કાર વ્યકત કરે છે.

આ ઉપરાંત 'શલ્યા' માં ઢીંગલીની રમત યુક્તિ રૂપે યોજાઇને વસ્તુગ્રથન થયું છે. તો 'પડઘા' માં નાટકનાં પાત્રો જ અન્ય નાટક ભજવે અર્થાત્ આંતરનાટકની પ્રયુક્તિ ઢબે સધાયેલું વસ્તુગ્રથન નાટયકારની કેળવાયેલી નાટયસૂઝનું પરિચાયક બની રહે છે.

નાટક ભજવાણી-પ્રસ્તુતિકરણની કલા છે. તેથી ક્રિયા કે સંવાદ નાટકનાં માધ્યમ છે. સંવાદો ક્રિયાપોષક અપેક્ષિત છે. જેમાંથી ક્રિયા નિષ્પન્ન થઇને પાત્રના વર્તન-વિચાર-વ્યક્તિત્વ-ને ઉપસાવે અને નાટકનું પોત બંધાતું આવે. વળી પાત્ર અને વાતાવરણને અનુરૂપ સંવાદભાષા અનિવાર્ય. એકાંકીકારે પાત્ર અને વાતાવરણને પોષે તેવા સંવાદો મોટાભાગની રચનાઓમાં યોજ્યા છે. સાબરકાંઠાના ઈડરિયા વિસ્તારની લોકબોલી એકાંકીમાં પહેલીવાર યોજાઇ છે. તેનાથી ગામડાનું વાતાવરણ.... પાત્ર વ્યક્તિત્વ અદ્દલ ખડું થાય છે. પાત્રોક્તિઓના વ્યંગ, મર્મ, કટાક્ષ, વેદના, તિરસ્કાર.... ને વ્યક્ત કરતા મર્મવેધક શબ્દો, રૂઢિપ્રયોગો, કહેવતો, 'ખેતરને ખોળે' કે 'ઉડણચરકલડી' જેવી સફળ રચનાઓમાં યોજાયેલા ભજનો કે ગીતપંક્તિઓ કાં તો પાત્ર મનોગત ને ઉશ્કેરવામાં તો ક્યાંક વાતાવરણ ખડું કરવામાં કાર્યસાધક બનતાં અનુભવાય છે.

એકાંકીકારે રચનાના પ્રારંભે દૃશ્યસૂચિ આપી છે. જે નાટકમાં વસ્તુ પ્રમાણે વાતાવરણ ખડું કરવામાં કાર્યસધક બની રહે તેમ છે. 'સાપનાભારા', 'ખેતરને ખોળે', 'ગાજરની પિપૂડી', 'ઢેઢના ઢેડ ભંગી', 'દુર્ગા' જેવાં એકાંકીઓમાં પણ દેશ્યાયોજન માટે આવી સૂચિ મૂકાઇ છે. પરન્તુ કેટલીક બાબતો વર્ણનરૂપ હોઇ વાચનક્ષમ લાગે છે, તેટલાં રંગભૂમિક્ષમ લાગતાં નથી. તેવું નોંધતાં 'સાપનાભારા' ના સંદર્ભમાં રમેશ ગાનેકર નોંધે છેઃ 'આંગણામાં ત્રણ-ચાર પેઢીથી ઊભેલો ખખડધજ લીમડો, તેની ડાળે લટકતાં પંખીઓ માટેના અનાજપાણીનાં શીકાં ને બહાર નીકળેલાં મૂળમાં બાંધેલા રેલ્લાં પાડુરાં આમ, આંગણામાં વૃક્ષો,

પંખીઓ અને પાડાપાડીનાં વર્ણનો વાચનક્ષમ લાગે છે. તેટલાં રંગભૂમિક્ષમ લાગતાં નથી.' (ઉમાશંકર એક અધ્યયન, પ્રા. રમેશ ગાનાકર) રમેશ ગાનાકારનું કથન સાચું છે. પરન્તુ આ તો દૃશ્યસૂચિ છે. જે દિગ્દર્શકે રંગભૂમિ પર ખડી કરવાની છે. બધું અક્ષરશઃ થવું જોઇએ તેવો કડક આગ્રહ નાટયસર્જકનો ના હોઇ શકે. પરન્તુ ગામડાંના વાતાવરણથી અપરિચિત શહેરી દિગ્દર્શકો માટે છે. જે નાટ્યાનુરૂપ ક્યાંક પ્રકાશ યોજના કે ક્યાંક ખપપૂરતી જ સામગ્રીથી કામ સાધી શકતો હોય તો તેમાં એકાંકીકારને વાંધો ખરો ? ઉપરાંત મોટે ભાગે ક્રિયા-પ્રતિક્રિયા સૂચવતા સંવાદો સાથે કૌંસમાં મૂકાયેલી અભિનય સૂચિ પણ નાટયકારની નાટયસૂઝની પરિચાયક બની રહે છે.

**સંદર્ભસુચિ** :

1. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ- ધીરુભાઈ ઠાકર (પૃ.૧૮)
2. 'પ્રાચીના'- ઉમાશંકર જોશી
3. 'સાપના ભારા'- ઉમાશંકર જોશી
4. 'શહીદ' -ઉમાશંકર જોશી
5. 'શ્રાવણી મેળો'- ઉમાશંકર જોશી (પૃ.૧૦૮)
6. 'વિસામો'- ઉમાશંકર જોશી (પૃ.૨૦૧)
7. અર્વાચીન ગુજરાતી સાહિત્ય પ્રકારો- પ્રસાદ ભ્રહ્મભટ્ટ (પૃ.૨૭)

RRIJM 2015, All Rights Reserved 